# ૯.૮ જ્ઞાન મંદિરો અને મ્યુઝિયમો.

ગુજરાતની ભૂમિ ભૂતકાળનો ભવ્ય સાંસ્કૃતિક અને વિદ્યાકીય વારસો ધરાવે છે તેની વિદ્યાપ્રવૃત્તિના ઘડતરના પ્રાચીન હસ્તલિખિત ગ્રંથ સંગ્રહાલયનું બહુમુલ્ય પ્રદાન રહ્યું છે.

ગુજરાતના હસ્ત લિખિત ગ્રન્થ ભંડારોમાં પાટણ,ખંભાત, અમદાવાદના ગ્રંથ ભંડારો ખ્યાતિપ્રાપ્ત છે. આ ઉપરાંત વડોદરા, છાણી, પાલનપુર, ખેડા, પાદરા, હરાપરા, સિનોર, ભરૂચ, સુરત અને સૌરાષ્ટ્રમાં ભાવનગર, ઘોઘા, પાલીતાણા, લીંબડી, જામનગર, વઢવાણ કેમ્પ, માંગરોળ વગેરેર સ્થળોએ નાના મોટા ગ્રંથ ભંડારો છે.

## પાટણના હસ્તલિખિત ગ્રન્થભંડારો.

jainuniversity.org

**સમય :** ઈ.સ.ના અગિયાર–બારમાં અને તેરમાં શતકમાં પાટણનું રાજકીય મહત્વ ચરમસીમાએ પહોંચ્યુ હતુ. કુમારપાળ અને સિદ્ધારાજ જયસિંહના વખતમાં પાટણમાં લગભગ ૨૦ જેટલા હસ્તપ્રત ભંડારો અસ્તિત્વમાં આવ્યા જે પ્રાકૃત, સંસ્કૃત, જુની ગુજરાતી, હિન્દી, મરાઠી વગેરે ભાષામાં રચાયેલા છે. જે (૧) શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાન મંદિર, (૨) સંઘવીના પાડાનો તાડપત્રીય ગ્રંથભંડાર, (૩) વખતજીની શેરીનો ભંડાર, (૪) તપાગચ્છ ભંડાર, (૫) ભાભાના પાડાનો ભંડાર, (૬) વસ્તા માણેકનો ભંડાર, (૭) શ્રી હિંમતવિજયનો સંગ્રહ વગેરે પ્રખ્યાત છે.

## ખંભાતના હસ્તપ્રત ભંડારો.

ઈ.સ.ના તેરમાં સૈકામાં થયેલા ગુજરાતના વિખ્યાત મંત્રી વસ્તુપાલે મોટી રકમ ખર્ચીને પાટણ ભરુચ, ખંભાતમાં ગ્રંથ ભંડારો સ્થાપ્યા હતા. ખંભાતના મુખ્ય ચાર ભંડારોમાં પાયચંદગચ્છનોભંડાર, જ્ઞાનવિમલસૂરિનોભંડાર, નેમિસૂરિજીનોભંડાર અને શાંતિનાથનો ભંડાર છે. તેમાં શાંતિનાથ ભંડાર સમગ્ર ગુજરાત અને રાજસ્થાનમાં સહુથી સમૃદ્ધ અને મુલ્યવાન ભંડારોમાંનો એક છે.

## અમદાવાદના હસ્તપ્રત સંગ્રહો.

**(૧) ભો.જે. અધ્યયન સંશોધન વિદ્યાભવન હસ્તપ્રતસંગ્રહ** જેમાં કુલ ૨૦૦૦ જેટલી હસ્તપ્રતોનો સંગ્રહ છે. સંસ્કૃત, પ્રાકૃત, જુની ગુજરાતી, હિન્દી, વ્રજ મરાઠી, બંગાળી, અરબી, ફારસી જેવી ભાષાઓમાં લખાયેલી લભગભ ૧૦,૦૦૦ જેટલી હસ્તપ્રતો છે.

જેમાં વેદ:વેદાંગ, ઈતિહાસ–પુરાણ, બૌદ્ધ સાહિત્ય જૈન સાહિત્ય ભક્તિ, તંત્ર, કાવ્ય, વ્યાકરણ, કોશ નાટ્ય, શિલ્પ, અલંકાર, કામશાસ્ત્ર, આયુર્વેદ, જ્યોતિષ જેવા વિવિધ વિષયોને આવરી લેવાયા છે.

**(૨) લા.દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદીર હસ્તપ્રતસંગ્રહ:** આ સંસ્થામાં લગભગ ૫૫ હજાર જેટલી હસ્તપ્રતોનો અમુલ્ય ખજાનો છે.જેમાં જૈન અને જૈનેતર સાહિત્યના અમુલ્ય ગ્રંથો છે. એ બધા ગ્રંથો સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, જુની ગુજરાતી, રાજસ્થાની વગેરે ભાષાઓમાં લખાયેલા છે.

**(૩) દેવશાના પાડાનો દયાવિમલજી ગ્રંથભંડાર:** વિજયનેમિસૂરિ જ્ઞાનભંડાર, વિજયસુરેન્દ્રસૂરિ જ્ઞાનભંડર ગુજરાતના વિદ્યાપીઠના ગ્રંથાલયો વગેરે ઉલ્લેખનીય છે.


www.jainuniversity.org

# વડોદરાનો પ્રાચ્ય વિદ્યામંદિર હસ્તપ્રતસંગ્રહ

મહારાજા સયાજીરાવ ત્રીજાના અપૂર્વ પ્રયાસ અને સાહિત્યપ્રીતિના પરિણામે આ હસ્તપ્રતોનો વિશાળભંડાર અસ્તિત્વમાં આવ્યો છે. આ સંસ્થામાં ૨૭,૦૦૦ જેટલી હસ્તપ્રતોનો સંગ્રહ સુરક્ષિત છે.

# છાણીના જૈન ગ્રંથ ભંડારો

છાણી ગામમાં ત્રણ જેટલા ભંડારો છે.

(૧) કાંતિવિજયગ્રંથ સંગ્રહ.

(૨) વીરવિજય શાસ્ત્ર સંગ્રહ

jainuniversity.org

કાંતિવિજયના સંગ્રહમાં ચાંદીની શાહીથી લખેલ ૧૭મી સદીની કલ્પસૂત્રની હસ્તપ્રતો નોંધપાત્ર છે.

આ ઉપરાંત જામનગરની આયુર્વેદ યુનિવર્સિટીની હસ્તપ્રતો સંગ્રહિત છે. સુરતમાં સરદાર પટેલ મ્યુઝિયમ, રાંધનપુર, જુનાગઢ, ભાવનગર, મહુવા, ગોંડલ, પાલીતાણા, લીમડી, બોટાદ વગેરે ના જ્ઞાનભંડારો ઉલ્લેખનીય છે.

# વિવિધ મ્યુઝિયમ/જ્ઞાનમંદિરો/જ્ઞાનભંડારોનો પરિચય

## લાખોટા પુરાતત્વીય મ્યુઝિયમ (જામનગર)

આ મ્યઝિયમમાં મુખ્યત્વે પુરાતત્વીય અવશેષોનો સંગ્રહ હોવાથી તે પુરાતત્વીય મ્યુઝિયમ તરીકે અથવા 'મ્યુઝિયમ ઓફ એન્ટીકિવટીઝ' તરીકે ઓળખાય છે. પરંતુ આ મ્યુઝિયમ લાખોટા કોઠા તરીકે ઓળખાતી પ્રસિદ્ધ ઐતિહાસિક ઈમારતમાં આવેલું હોવાથી તે ઈમારતના નામ ઉપરથી 'લાખોટા મ્યુઝિયમ'ના નામથી લોકો માં પ્રસિદ્ધ છે. આ મ્યુઝિયમની સ્થાપના ઈ.સ. ૧૯૪૬થઈ હતી તેમાં ૭મીથી ૧૮મી સદી સુધીના જામનગરની આસપાસ મળેલા પુરાતત્વીય શિલ્પોનો તથા અવશેષોનો સંગ્રહ છે.

આ મ્યુઝિયમમાં શિલ્પ, અભિલેખો, હસ્તપ્રતો ચિત્રો ઉપરાંત પ્રાકૃતિક ઈતિહાસ હુન્નરો અને ભૂસ્તર વિદ્યાના વિભાગ છે. સૈંધવોના તામ્રપત્રો પણ તેમાં છે. તેમજ કેટલાક મહત્વના શિલ્પો ઉપરાંત પશુવિભાગમાં મસાલા ભરેલા સિંહ, સાબર, હરણ, નીલગાય, મગર વગેરે છે. આ મ્યુઝિયમની મુલાકાત લેનારાની સંખ્યા વાર્ષિક સરેરાશ ૨૫ હજારની છે.

આમ મ્યુઝિયમ તથા તે જે ઈમારતમાં આવેલ છે તે લાખોટોકોઠો અને મહેલ બંને દર્શનીય અને ઐતિહાસિક દ્રષ્ટિએ મહત્વના છે.

આ મ્યુઝિયમ જામનગરમાં ખંભાળિયાના નાકા પાસે આવેલ છે.

# પ્રાચ્ય વિદ્યામંદિર – અન્ય લાક્ષણિક્તાઓ

વિરલ હસ્તપ્રતોનો સમુહ સમીક્ષિત આવૃતિઓના સંશોધન અને પ્રકાશનના કાર્યથી પ્રાચ્ય વિદ્યામંદિરનું સ્વરૂપ ઘડાયું છે. પ્રાચ્યવિદ્યામંદિર પ્રત્યે મહારાજા સયાજીરાવ ગાયકવાડને ઉત્કટ પ્રેમ હતો પ્રેમના પ્રતીકરૂપે મહારાજાએ પ્રાચ્યવિદ્યામંદિરની અમૂલ્ય હસ્તપ્રતોને જાળવવા બે અગ્નિસુરક્ષિત તિજોરીઓ દાનમાં આપી.

સ્વદેશી સંસ્કૃતિના પોષક અને વિદ્યાવિલાસી રાજાએ અમુલ્ય ગ્રંથરત્નોતે પ્રકાશિત કરવા માટે "ગાયકવાડ ઓરિએન્ટલ સીરીઝ" નામની એક સ્વતંત્ર ગ્રંથશ્રેણી શરૂ કરાવી.

હાલમાં પ્રાચ્યવિદ્યામંદિર પાસે લગભગ ૨૮,૫૦૦ જેટલી હસ્તપ્રતો સંગ્રહિત છે. વિરલ અને અપ્રકાશિત એવી પ્રાચીનકૃતિઓના પ્રકાશન દ્વારા ભારતીય ઈતિહાસ અને સંસ્કૃતિના પુનઃનિર્માણમાં પ્રાચ્યવિદ્યામંદિર દ્વારા પ્રકાશિત સર્વે મહત્વના પ્રકાશનોનું પ્રદાન એટલું અદ્વિતીય છે કે પોતાના સંશોધન અર્થે ઘણાં ભારતીય અને પરદેશી વિદ્વાનોને તેમણે આકર્ષ્યા છે. અને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત સંસ્થાની મહત્તાને પુરવાર કરે છે.

## શેઠ ભોળાભાઈ જેસીંગભાઈ સંગ્રહાલય અમદાવાદ

ભો.જે. વિદ્યાભવન પુરાતન અવશેષો ધરાવતુ સમૃદ્ધ સંગ્રહાલય છે. આ સંગ્રહાલયમાં ૧૬,૦૦૦ જેટલી પુરાતન ચીજ વસ્તુઓ સંગ્રહીત છે તેમાં ૧૦,૦૦૦ થી વધુ સંસ્કૃત, ગુજરાતી, ફારસી, હિન્દી, મરાઠી અને બંગાળી ભાષામાં હસ્તપ્રતો સંગ્રહિત છે. તાડપત્ર પર લખાયેલી તેલગુ ભાષાની હસ્તપ્રત આ ઉપરાંત ૪૦૦૦ જેટલા પ્રાચીન ચિત્રો, ૩૦૦ પાષાણ અને ધાતુના શિલ્પો, પાષાણયુગ તેમજ તામ્રપાષાણયુગના ઓજારો તથા બીજી ચીજોનો સમાવેશ થાય છે.

**સમય :** આ શિલ્પો મુખ્યત્વે ૭મીથી ૧૫મી સદીના છે.

**હસ્તલિખિત ગ્રંથો:** ૧૦,૦૦૦ જેટલી હસ્તપ્રતોની જાળવણી કરવામાં આવી છે. જેમાં કેટલીક સચિત્ર છે પ્રસ્તુત હસ્તપ્રતો ઘણી જ પ્રાચીન હોવા છતાં તેમાનો રંગ હજી ઝાંખો થયો નથી અને ચિત્રોના રંગો ખુબ જ આકર્ષક છે.

હસ્તપ્રતના પત્રોમાં પાછળ જમણી તરફ ક્રમાંક, ચારેબાજુ હાંસિયો, તથા હાંસિયાને આલંકારિક ફૂલવેલની ભાતથી અલંકૃત કરવામાં આવી છે.

**સિક્કા સંગ્રહ:** આ સંગ્રહાલયમાં આશરે ૪૦,૦૦૦ જેટલા સિક્કાઓ સંગ્રહિત છે. જેમાં પ્રાચીન, અર્વાચિન મધ્યકાલીન તથા પ્રજાસત્તાક ભારતના ચાંદી, તાંબાના તથા બિલનના સિક્કા સંગ્રહિત છે. આ સિક્કાઓને આધારે રાજાઓની વંશાવાળી સાલ, આર્થિક તથા ધાર્મિકસ્થિતિ તથા ઈતિહાસને લગતી વિગતો છે.

**તામ્રપત્રો:** આ સંગ્રહાલયમાં સિદ્ધારાજ જયસિંહ, કર્ણદેવ સોલંકી, શિલાદિત્ય ૩જો અને ઈડરરાજ્યના તામ્રપત્રો, રાષ્ટકૂટવંશના રાજાઓના તામ્રપત્રો નોંધપાત્ર છે.

તેમજ શિલ્પોમાં ચામરધારિણી, ક્ષેમંકરી અને નાગબન્ધ છત વગેરે સુંદર શિલ્પો છે.

**ચિત્રો :** આ વિદ્યાભવનમાં સંગ્રહિત કુલ પ્રાચીન ચિત્રોની સંખ્યા ૫૦૦ જેટલી છે. જેમા ઘણા ખરા રાજપૂત, કાંગડા અને મુઘલશૈલીના સુંદર ચિત્રો છે. તેમજ શિલ્પ સ્થાપત્યનો સુરેખ ખ્યાલ આપે તેવા નાના–મોટા કદના લગભગ ૪૦૦ જેટલા ફોટાઓ સંગ્રહિત છે. આમ, આ સંગ્રહાલય અલભ્ય હસ્તપ્રતો, સિક્કાઓ, શિલ્પો અને ચિત્રોનો સંગ્રહ ધરાવતું સમૃદ્ધ સંગ્રહાલય છે.

## શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર – કોબા

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર – કોબા જ્ઞાનતીર્થ પ્રાકૃતિક શાંતિપૂર્ણ વાતાવરણનો અનુભવ કરાવે છે. આ કેન્દ્રની સ્થાપના યુગદસ્ટા આચાર્ય શ્રી પદ્મસાગરસૂરીશ્વરજીના આર્શિવાદથી ૨૬ ડીસેમ્બર ૧૯૮૦માં થઈ હતી. ત્યાનું સમ્રાટ સમ્પ્રતિ સંગ્રહાલય, હસ્તપ્રતભાંડાગાર (મ્યુઝિમ) અને કમ્પયુટરાઈઝ શોધ કેન્દ્ર ઉલ્લેખનીય છે.

**સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમ :** આ મ્યુઝિયમ જ્ઞાનમંદિરના પ્રથમ મંજલા પર આવેલું છે. પાષાણ તથા ધાતુ મૂર્તિઓ તાડપત્ર તથા કાગળ પર લખેલ પાંડુલિપિ, લઘુચિત્ર વિજ્ઞપ્તિપત્ર, લાકડા તથા હાથીદાંતની બનેલ પ્રાચીન તથા અર્વાચીન કલાકૃતિઓ અન્ય પુરાવસ્તુકીય વસ્તુઓને બહુજ પ્રભાવશાળી ઢંગથી ધાર્મિક તથા સાંસ્કૃતિક ગૌરવને અનુરૂપ પ્રદર્શિત કરાઈ છે.

**દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ હસ્તપ્રતભાંડાગાર:–** અહીં લગભગ બે લાખથી વધુ પ્રાચીન હસ્તલિખિત શાસ્ત્રગ્રંથ સંગ્રહાયેલ છે. જેમાં આગમ, ન્યાય, દર્શન, યોગ, વ્યાકરણ ઈતિહાસ આદિ વિષયો સંબંધિત જ્ઞાનનો ભંડાર છે. આ ભાંડાગારમાં ૩૦૦૦થી વધુ પ્રાચીન તથા અમુલ્ય તાડપત્રીય ગ્રંથ સંગ્રહીત છે. જેમાં અનેક હસ્તલિખિત ગ્રંથ સુવર્ણ તથા રજતથી આલેખિત છે. તથા સેંકડો સચિત્ર છે.

**આર્ય સુધર્માસ્વામી શ્રુતાગાર :–** જ્ઞાનમંદિરના ભોંયરામાં વિદ્વાનો અને અભ્યાસીઓ માટે અધ્યયનની સુંદર વ્યવસ્થા સહિત ગ્રંથાલય છે. જેમાં ભારતીય સંસ્કૃતિ, સભ્યતા, ધર્મ અને દર્શન ઉપરાંત વિશેષરૂપથી જૈન ધર્મ સંબંધિત સામગ્રી અધિક છે.

**આર્યરક્ષિતસૂરિ શોધસાગર:–** જ્ઞાનમંદિરમાં સંગ્રહિત હસ્તલિખિતગ્રંથો તથા મુદ્રિત પુસ્તકોની વ્યવસ્થા કરવી એ જટીલ કાર્ય છે. પરંતુ ગ્રંથ સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તે માટે બહુહેતુ કોમ્પ્યુટર કેન્દ્ર જ્ઞાનમંદિરના દ્વિતીય મજલે કાર્યરત છે.

હસ્તલિખિત તથા મુદ્રિત ગ્રંથો, તેમાં સમાવિષ્ટ કૃતિઓ તથા પત્ર પત્રિકાઓનું વિશદ સુચિપત્ર તથા વિસ્તૃત સૂચનાઓ અનોખી પદ્ધતિથી વિશ્વમાં પ્રથમવાર કમ્પ્યુટરાઈઝ કરવામાં આવે રહી છે.

## પાટણના જૈન જ્ઞાનમંદિરો ભંડારોનો અભ્યાસ

જૈન સમાજે પુસ્તકોના સંગ્રહોમાં અને પુસ્તકાલયોની સ્થાપનામાં તેમજ તેને સંગઠિત સ્વરૂપ આપવામાં અત્યંત ઉમદા ફાળો નોંધાવ્યો છે. જૈનોની ઠીકઠીક વસ્તિવાળા લગભગ દરેક ગામમાં એકાદ જ્ઞાનમંદિર ભંડાર હોય જ.

સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળના વખતમાં પાટણ શ્રી અને સરસ્વતીનું ધામ ગણાતું. પાટણ જૈન ધર્મનું મુખ્ય કેન્દ્ર હતું અને ત્યાં જુદા જુદા જ્ઞાન ભંડારો હતા.

**શ્રી હેમચંદ્રાચાર્ય જૈનજ્ઞાન મંદિર :–** પાટણ રાજધાની હોવાથી તે સમયે ત્યાં આશરે ૧૭થી ૧૮ જગ્યાએ નાના–મોટા જૈન જ્ઞાનમંદિરો હતા. તે વ્યક્તિગત કે સંસ્થા દ્વારા ચાલતા હતા પરંતુ વ્યવસ્થિત દેખરેખને અભાવે તે નષ્ટ થતા જતા હતા. પણ પુ. ગુરૂભગવંતોની પ્રેરણાથી નક્કી કરવામાં આવ્યું કે પાટણમાં આવેલા જુદા જુદા જ્ઞાનમંદિરોને એકત્રિત કરી એક વિશાળ જ્ઞાનમંદિરનું નિર્માણ કરવુ અને ફલશ્રુતિરૂપે શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર અસ્તિત્વમાં આવ્યું.

આ જ્ઞાનમંદિરમાં આશરે ૧૫૦૦૦ મુદ્રિત ગ્રંથો છે. જે ઘણા પ્રાચીન છે. હસ્તલિખિતપ્રતો ૨૨૦૦૦થી ૨૫૦૦૦ જેટલી છે. જ્યારે મુદ્રિત પ્રતો ૫૦૦૦ની આસપાસ છે.

તાડપત્ર પર લખેલ હેમચંદ્રાચાર્યનો મુલ્યવાનગ્રંથ 'સિદ્ધહેમશબ્દાનુંશાસન'ની એક હજાર પ્રત્યો છે. જે સોનાની શાહીથી લખાયેલા છે.

અન્ય જ્ઞાનભંડારો માં સંઘવીનો પાડો, ખેતરપાળનો પાડો, અને ભાભાના પાડામાં જ્ઞાનભંડારો આવેલા છે.

## સંશોધનક્ષેત્રઃ– પ્રાચ્યવિદ્યામંદિર

પ્રાચ્યવિદ્યાના ક્ષેત્રની વિશ્વભરની સંસ્થાઓમાં અગ્રણી અને ગાયકવાડઝ ઓરિએન્ટલ સીરીઝ તથા વાલ્મીક રામાયણની સંશોધિત આવૃતિના પ્રકાશનથી વિશ્વના વિદ્વત જગતમાં આદરપાત્ર બનેલી વડોદરાની ગૌરવંતી સંશોધનસંસ્થા પ્રાચ્યવિદ્યામંદિર ભારતભરના પ્રાચ્યવિદ્યાનો ક્ષેત્રેક્ષમ કરતી સૌથી પ્રાચીન અને જગવિખ્યાત સંસ્થાઓમાંની એક સંસ્થા છે.

આ સંસ્થાનો સૌથી અગત્યનો એવો હાર્દસમો વિભાગ હસ્તપ્રત વિભાગ છે. ૨૮,૫૦૦ જેટલી હસ્તપ્રતોથી સમૃદ્ધ એવા આ વિભાગમાં કેટલીક ખુબ જ પ્રાચીન, દર્લભ, સચિત્ર અને રંગીન હસ્તપ્રતો પણ છે. જેમાં વેદ–ઉપનિષદ, સ્મૃતિ, વેદાંત, વ્યાકરણ વગેરે વિષયોની હસ્તપ્રતો સચવાયેલી છે. કેટલીક હસ્તપ્રતો સાવાયેલી છે કેટલીક હસ્તપ્રતો તેલગુ, કન્નડ, ઉડિયા, મલયાલમ અને બંગાળી, શારદા, નેવારી લિપિઓમાં જોવા મળે છે.

આ સંસ્થાનો બીજો અગત્યનો વિભાગ પુસ્તકાલય છે. જેમાં પ્રાચ્યવિદ્યાને લગતા ૫૦,૦૦૦ જેટલા પુસ્તકો અને વિશ્વભરમાંથી આવતા ૨૦૦ જેટલા સંશોધન સામાયિકોથી આ પુસ્તકાલય સમૃદ્ધ અને સુવિધાપૂર્ણ છે.

સંસ્થાનો ત્રીજો અને અગત્યનો વિભાગ રામાયણ વિભાગઃ જે હાલ સમીક્ષિત આવૃત્તિ વિભાગ તરીકે ઓળખાય છે. આ વિભાગ દ્વારા ઈ.સ. ૧૯૫૧થી ઈ.સ.૧૯૭૫ના સમયગાળામાં તૈયાર કરાયેલ વાલ્મીકી રામાયણની સમીક્ષિત આવૃતિના પ્રકાશનથી આ સંસ્થાને આંતરરાષ્ટ્રિય ખ્યાતિ પ્રાપ્ત થઈ.

આ સંસ્થા દ્વારા અવારનવાર રાજયકક્ષાના રાષ્ટ્રિય આન્તરાષ્ટ્રિય પરિસંવાદો, અધિવેશનો, હસ્તપ્રત પ્રદર્શન અને વ્યાખ્યાન માળાઓનું આયોજન પણ કરવામાં આવે છે.

આમ જ્ઞાનનો દૃષ્ટિપૂર્વકનો અને સમાજલક્ષી વિનિયોગએ સંસ્થાનું જમાપાસુ છે.

## જ્ઞાનભંડારો અને હસ્તપ્રતો એક ચંચુપાત

ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ મારવાડ મેવાડા પંજાબ ઉત્તરપ્રદેશ દક્ષિણ આદિદેશો અનેક નગર અને ગામોમાં જૈન શ્રીસંઘ અને જૈનમુનિઓના અધિકારમાં જે જ્ઞાનમંદિરો છે તેમાં કલ્પી ન શકાય તેવું વિશાળ જૈન જૈનેતર વિવિધ વિષયોને લગતું સાહિત્ય હસ્તપ્રતોમાં વિદ્યમાન છે. જેને આપણે સમગ્રપણે જાણતા નથી જેમ જેમ આ જ્ઞાનભંડારોનું નિરીક્ષણ કરવામાં આવે છે તેમ તેમ તેમાંથી અનેકવિષયો ને લગતી નવી નવી હસ્તલિખિત કૃતિઓ પ્રાપ્ત થતી જાય છે. માત્ર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં જે જ્ઞાનભંડારો આજે વિદ્યમાન છે તેની ગ્રંથસંખ્યા ઓછામાં ઓછી સાત – આઠ લાખ કે તેથી અધિક થાય.

આપણા જ્ઞાનભંડારોમાં ગુજરાતી, રાજસ્થાની કે મિશ્રભાષાનું કવિતારૂપ જે સાહિત્ય વિદ્યમાન છે તેની વિવિધતા અને વિશેષતા જાણવા માટેના જે સંકેતો છે તે પણ નોંધવા જેવા છે પ્રાચીન જ્ઞાનભંડારોમાં બારમાં સૈકાના પ્રારંભથી આજ સુધીના સૈકાવાર અને દશકાવાર લખાયેલી હાથપ્રતો જ વિદ્યમાન છે પાટણ, ખંભાત, જેસલમેર, આદિના ગ્રંથસંગ્રહોમાં રહેલી આ બધી પ્રાચીન – અર્વાચીન હસ્તપ્રતિઓ આપણી ભારતીય બ્રાહ્મી લિપિમાંથી દેવનાગરી લિપિ સુધીના ક્રમિક વિકાસના અભ્યાસ માટે ઘણી જ ઉપયોગી છે.

આઉપરાંત હસ્તલિખિત ગ્રંથોના અંતમાં રહેલી પ્રશસ્તિઓ અને પુષ્પિકાઓનું મૂલ્યઘણું છે. તેમાં મોટામોટા રાજાઓ, અમાત્યો, આદિની તેમજ કેટલાક મોટા મોટા ગામ નગર, દેશ આદિ વિશેની માહિતી અમુક પ્રબંધ ગ્રંથાદિમાંથી મળી રહે છે.

પુરાતન ઈતિહાસની દૃષ્ટિએ તાડપત્રી પુસ્તકો અન્ય હસ્તપ્રતોનું મહત્વ છે તે ઉપરાંત સાંસ્કૃતિક ઉપાદાનની દૃષ્ટિથી પણ તેનું અધિક આકર્ષણ છે અને તે ચિત્રકલાની દૃષ્ટિ, તાડપત્રીય પુસ્તકોમાં ધાર્મિક ધર્મોપદેશક અવસ્થામાં આચાર્યે આલેખાયા છે.

આ રીતે આપણી સાહિત્યિક સંપતિ ખુબ જ મુલ્યવાન બને છે.

## વડોદરાનું મુખ્ય સંગ્રહાલય

આ સંગ્રહાલયનો શ્રી શિલારોપણ વિધિ મહારાજા સયાજીરાવ ત્રીજાના હસ્તે ઈ.સ. ૧૮૮૭માં થયો હતો. પ્રજાના કલ્યાણ અને કેળવણી માટે એમણે આ સંગ્રહાલયની સ્થાપના કરી હતી.

આ સંગ્રહાલયને લોકભોગ્ય બનાવવા માટે ભૂસ્તરશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, માનવવિદ્યા, પુરાવસ્તુવિદ્યા, સંસ્કૃતિ, કલા, લોકકલા જેવા વિવિધ વિષયોને લગતા વિભાગોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સંગ્રહાલયના ભોંય તળિયે ‘યુરિપીય ખંડો’ તરીકે ઓળખાતા ચાર ખંડો છે. પાંચ ગેલેરીઓમાં સિક્કાઓનાં સંગ્રહ ભારતીય કલા અને સંસ્કૃતિને લગતા નમુનાઓ કાળક્રમે વર્ગીકૃત કરી દર્શાવેલ છે. પ્રાગૈતિહાસિક વિભાગમાં મોહેન્જો–દરો અને હડપ્પાની પ્રાચીન પાષાણયુગતથા નૂતન પાષાણયુગની સંસ્કૃતિ તથા પ્રાગૈતિહાસિકકાળનો વિકાલનો તબક્કો વગેરે ઉદાહરણ દ્વારા સુંદર રીતે સજાવવામાં આવ્યા છે.

બરોડા મ્યુઝિયમએ ગુજરાતમાં સૌથી મોટામાં મોટું અને ખુબ અગત્યનું મ્યુઝિયમ છે તે સ્ટેટ મ્યુઝિયમ તરીકે ઓળખાય છે. ગુજરાતના મ્યુઝિયમ વહીવટી ખાતાના નિયામકની મુખ્ય કચેરી પણ આ મ્યુઝિયમમાં આવેલી છે.

## જ્યાં આપણા સાંસ્કૃતિક વારસાનું જતન થાય તે ભુજના મ્યુઝિયમો

કચ્છના ઈતિહાસ અને વિકાસની યાત્રાનો ખ્યાલ આપતા અનેક મ્યુઝિયનો ભૂજમાં આવેલાં છે. ભૂજમાં ખાસ કરીને નૃવંશશાંસ્ત્રતથા બહુહેતુક મ્યુઝિયમો આવેલા છે.

**કચ્છ મ્યુઝિયમ:** કચ્છના ઐતિહાસિક પાટનગર ભૂજમાં ગુજરાતનું તથા પશ્ચિમ ભારતનું સૌથી જૂનું ભારતના સદી વટાવી ચુકેલા પ્રથમ દશ મ્યુઝિયમો પૈકીનું કચ્છ મ્યુઝિયમ આવેલું છે. કચ્છની ભોમકા ભાતીગળ સંસ્કૃતિ ધરાવતી વિવિધતાવાળી છે. આ સંસ્કૃતિને કર્ચછ મ્યુઝિયમના જુદા જુદા પંદર વિભાગોમાં સુંદરરીતે રજુ કરવામાં આવી છે. પુરાતનકાળના અનેક સંભારણાઓને જાળવી રાખતા આ મ્યુઝિયમમાં શિલાલેખો, સિંધુ સંસ્કૃતિના અવશેષો, શિલ્પ સ્થાપત્ય, વિશાળ કચ્છ સિક્કા, વસ્તકલા, કચ્છી આભૂષણો કચ્છની બેનમુન ચાંદીકલા, કચ્છી હથિયારો, કચ્છનું વહાણવટ ઉપરાંત પ્રાકૃતિક વિજ્ઞાનને લગતા અનેક નમુનાઓને સુંદરરીતે જાળવી રાખવામાં આવ્યા છે.

**આયના મહેલ:** આયના મહેલ અને અરિસાનો મહેલ અને એ ભૂજ શહેરની મધ્યમાં દરબારગઢના ચોકમાં આવેલ છે. આ આયના મહેલને તા. ૧–૧–૭૭ના રોજ કચ્છના મહારાવ શ્રસ મદનસિંહજી સાહેબે કચ્છની પ્રજાને અર્પણ કરેલ છે.

આયના મહેલમાં મીણબત્તીઓ મુકવા માટે હાંડી તથા ઝુમ્મરની રચના કરવામાં આવી છે. આ ગોઠવણી એવી સુંદર કરવામાં આવી છે કે બધે સ્થળે પ્રકાશ ફેલાઈ જાય. મીણબત્તીની રોશનીમાં રાત્રે જળહળ થતો આયના મહેલ અદ્‌ભૂત છે.

**પ્રાગ્ મહેલ :** મહારાવશ્રી પ્રાગમલજી બીજાના શાસનકાળ દરમ્યાન બાંધવામાં આવેલા પ્રાગમહેલનો દેખાવ બહારથી ચર્ચ જેવો લાગે છે. જેની બાંધણી ઈટાલીયન છે. આ મહેલમાં કચ્છ રાજયનો દરબાર ભરાતો.

**શરદબાગ પેલેસ :** મહારાવ શ્રી ખેંગારજી ત્રીજાના સમયમાં આ ઉધાન તથા મહેલ બનાવવામાં આવેલ છે. આ ઉધાનમાં મનમોહક ફુલો, ઝાડ વગેરે રોપવામાં આવેલ છે. આ ઉધાન તથા પેલેસ લોકો માટે ખુલ્લા મુકવામાં આવે છે.

## એન.સી.મહેતા સંગ્રહ, અમદાવાદ

ગુજરાત મ્યુઝિયમ સોસાયટીની એન.સી.મહેતા ગેલેરી ખાતે સંગ્રહિત એન.સી. મહેતા સંગ્રહ ભવ્ય અને અનન્ય હોવાને કારણે સમગ્ર વિશ્વમાં વિખ્યાત છે.

આ સંગ્રહમાં સમાવેશ પામેલી કલાકૃતિઓમાં અરબી, પર્શિયન, જૈન, સલીનત, રાજપુત કાશ્મીરી મુઘલ, પહાડી, નેપાળી અને કમ્પની શૈલીના ચિત્રો તથા પોથીઓ છે. સંગ્રહની સૌથી જૈની કલાકૃતિ કૂફી શૈલીમાં લખાયેલી ૧૧મી સદીની અરબી ધર્મપુસ્તિકા છે. કાલકાચાર્યકથા અને કલ્પસૂત્ર જેવા જૈન પોથી ચિત્રોના નમુના તથા જૈન પશ્ચિમ ભારતીય શૈલીએ આલેખાયેલ વૈષ્ણવકથાઓ 'બાલગોપાલ સ્તુતિ' અને 'ગીતગોવિંદ' વડે મ્યુઝિયમના પ્રદર્શનની શરૂઆત થાય છે.

સલીન શૈલીના ચિત્રોમાં ચૌરપંચાશિકા ચિત્રશ્રેણી એન.સી. મહેતા સંગ્રહનું મહામૂલુ આભૂષણ છે. સંગ્રહના મુઘલ ચિત્રો શાહજહાંતથા ઔરંગઝેબના જમાનાના છે. અને તે મુખ્યત્વે વ્યક્તિ ચિત્રો છે. તેમાં બાદશાહી હમામના દર્શન થાય છે.

પહાડી ચિત્રશૈલીના ચિત્રો માટે આ સંગ્રહ સમગ્ર વિશ્વમાં મોખરે છે. પહાડીશૈલીની બધીજ પેટાશૈલીઓ જમ્મુ, બશોલી, જસરોટા, માણકોટ, કાંગડા, ગુલેર ચમ્બા, મંડી, નુર્પુર, કુલુ, બિલાસપુર, ટેહરી,ગઢવાલ વગેરે અહીં જોવા મળે છે.

## ધરા ગુર્જરીના અલભ્ય સંગ્રહાલયો

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી ગુજરાતે દરેક ક્ષેત્રે પ્રગતિ કરી છે. તેમાં સંગ્રહાલયક્ષેત્રે સંખ્યા તેમજ ગુણવત્તાની દૃષ્ટિએ સારો વિકાસ સધાયો છે જેમાં જુદા જુદા શહેરો માં ઉલ્લેખનીય મ્યુઝિયમો આવેલા છે.

**જુનાગઢ સંગ્રહાલય :** જુનાગઢના પ્રાણી સંગ્રહાલય 'સક્કરબાગ'માં 'રસુલખાનજી મ્યુઝિયમ' શરૂ થયેલું તે આઝાદી પછી જુનાગઢ મ્યુઝિયમ  તરીકે ઓળખાય છે. ઈ.સ. ૧૯૦૧ની ૫મી ડીસેમ્બરે એ બંને મકાનોનું ઉદ્દ્ઘાટન થયુ.

આ મ્યુઝિયમમાં સ્થાનિક કલાકૃતિઓ, ઐતિહાસિક ઉત્ખનનો દ્વારા પ્રાપ્ત થયેલી ચીજવસ્તુઓ રાખવામાં આવી હતી પુરાતત્વીય નમુનાઓ ઉપરાંત કલા અને હુન્નર તથા ભૂસીરવિધા અને પ્રાણીવિધાના વિભાગો ધ્યાનાકર્ષક છે.

**વિન્ચેસ્ટર મ્યુઝિયમ સુરત :–** સુરત જિલ્લાના અને સુરતબરો નગરપાલિકાના પ્રમુખ વિન્ચેન્સ્ટરના નામ ઉપરથી આ સંગ્રહાલય તેમના નામે ઓળખાતું હતું. આઝાદી પછી તે 'સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ – સુરત' એવા નામે ઓળખાવા લાગ્યુ.

આ મ્યુઝિયમમાં રાજપૂત, મુઘલ, કાંગરા અને ગુજરાતી શૈલીના ચિત્રો, સચિત્ર હસ્તપ્રતો, શિલ્પકૃતિઓ ધાતુ પ્રતિમાઓ, હસ્તકલાના વૈવિધ્યપૂર્ણ નમૂનાઓ પોષાકો, હસ્તપ્રતો, તામ્રપ્રતો, આયુધો, વાધો, પ્રાણીવિધા વગેરેના બહુમુલ્ય નમુનાઓ સંગ્રહાયેલા છે.

***પ્રભાસપાટણ મ્યુઝિયમ, પ્રભાસ પાટણ:*** *ઈ.સ. ૧૯૫૧માં આ સંગ્રહાલયની સ્થાપના થયેલી જુના મંદિરના પાયામાંથી ઉત્પન્ન સમયે મળેલા અવશેષો, પ્રાચીન શાવના ટીંબામાંથી મળેલા અવશેષો તથા શિલ્પકૃતિઓ અભિલેખો, સિક્કાઓ, તથા મુદ્દુભાંડોનો વિભાગ પણ તેમાં છે.*

***લેડી વિલ્સન મ્યુઝિયમ ધરમપુર:*** *ઈ.સ. ૧૯૨૮માં આ મ્યુઝિયમની સ્થાપના થઈ તેમાં ભારતીય કરતા વિદેશી વસ્તુ સંગ્રહ પ્રમાણમાં વધારે થયો છે.*

*કાચ કલા કારીગરીના નમૂનાઓ, હાથીદાંત ઉપરના કોતરકામના નમૂનાઓ, પથ્થર તથા કાષ્ઠ ઉપ્ર કરેલી કોતરણી, ધાતુકામો અને ચીનાઈમાટી પરનું કોતરકામ રંગકામ ઉપરાંત, કાપડ, ઘાસ, લેકટ, જડતરકામના ઉત્તમ નમૂનાઓ અદ્‌ભુત રીતે દેશી વિદેશ કલા સૌન્દર્યને રજુ કરે છે.*

jainuniversity.org